જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૧/૦૯/૨૦૨૩ શુક્રવાર

# અમદાવાદ શહેર પોલીસ સમાચાર

## પીસીબી:-

અમદાવાદ શહેર વિસ્તારમા ગુનાહિત પ્રવૃતિઓ અટકાવવાના ઉદેશ્યથી મે.પોલીસ કમિશનર શ્રી જી.એસ.મલિક સાહેબ દ્વારા જુદા જુદા પો.સ્ટે. વિસ્તારમાં તા.૦૧/૦૮/૨૦૨૩ થી તા.૩૧/૦૮/૨૦૨૩ ના સમય દરમ્યાન ગુનાહિત પ્રવૃતિઓ કરતા ૭૨ ઈસમોને પાસા હેઠળ અટક કરવા હુકમ કરી, આ ઈસમોને ગુજરાત રાજયની નીચે મુજબની જેલો ખાતે કેદ રહેવા સારુ મોકલી આપેલ છે.

| અ.ન. | જેલ | શરીર સબંધી | મિલ્કત સબંધી | પ્રોહીબીશન | કુલ |
|---|---|---|---|---|---|
| ૧ | વડોદરા | ૦૮ | ૦૬ | ૦૭ | ૨૧ |
| ૨ | ભુજ | ૦૮ | ૦૫ | ૦૭ | ૨૦ |
| ૩ | રાજકોટ | ૦૫ | ૦૮ | ૦૩ | ૧૬ |
| ૪ | સુરત | ૦૮ | ૦૩ | ૦૪ | ૧૫ |
| | | **૨૯** | **૨૨** | **૨૧** | **૭૨** |

**નશાબંધી અને જુગારધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૬/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૨૨ કેસ કરી, ૨૨ વ્યક્તિઓને ઝડપી, ૨૪૨ લીટર દેશી દારૂ, ૯૩૧ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૨૭૪ ક્વાર્ટર ઈંગ્લીશ દારૂ, ૩૬૦ બિયર ટીન અને ૦૨ સ્કુટર કબજે કર્યા હતા. તેમજ જુગારધારા હેઠળ ૦૭ કેસ કરી, ૩૨ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૮૫,૪૬૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૭/૨૦૨૩**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૯૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૯ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**વિશ્વાસઘાત અને છેતરપીંડીઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૮/૨૦૨૩**

**આનંદનગરઃ** વિશ્વબંધુ ધુળાભાઇ કોદરભાઇ પટેલ (ઉ.વ.૩૫) (રહે. સદગુરુ સાનિધ્ય સદગુરૂ બગ્લોઝની બાજુમાં સીટીએમ રામોલ રોડ ન્યુ મણીનગર) એ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે માહે જુલાઇ ૨૦૨૨ થી માર્ચ ૨૦૨૩ સુધીના સમયગાળા દરમ્યાન આનંદનગર ૧૦૦ ફુટ રોડ, ટાઇટેનીયમ સીટી સેંટર,એચ બ્લોકમાં ૨૧૦ નંબરની ઓફીસમાં આસાન હોલીડેઝ નામની કંપનીમાં નોકરી કરતા આરોપી (૧) તેજશભાઇ જયેશભાઇ પટેલ અને (૨) આશાબહેન વા/ઓ તેજશભાઇ જયેશભાઇ પટેલ (બન્ને રહે. વીર સારવરક હાઇટ્સ-૧ વસંતનગર ટાઉન સીપ વસંતનગર ઓગણજ અમદાવાદ) અને (રહે.કૈવલ કુંજ, દાવોલ, દાવોલ બસ સ્ટોપની બાજુમાં, આણંદ બોરસદ) (૩) ધવલભાઇ સ/ઓ મનશુખભાઇ પરમાર (રહે.કર્મદર્શન ફ્લેટ ઉદય રો-હાઉસની બાજુમાં વસ્ત્રાપુર રેલ્વે સ્ટેશન સામે વેજલપુર) અને (૪) અભીષેક મનુભાઇ પરમાર (રહે.વિધાતા એપાર્ટમેન્ટ કલા રેસીડેંસીની બાજુમાં ટાઇમ્સ ઓફ ઇંડીયા રોડ) એ ભેગા મળી વિશ્વબંધુ પટેલની કંપનીમાં રણ ઉત્સવના તેમજ સ્ટેચ્યુ ઓફ યુનીટી તથા હોટલ બુકીંગ તથા કાર રેન્ટલના ગ્રાહકોના બુકીંગનુ કામ કરતા હતા અને ગ્રાહકોના ટુર બુકીંગ અંગેના નાણાં વિશ્વબંધુ પટેલની કંપનીના એકાઉન્ટના ખાતામાં જમા કરવાની જગ્યાએ પોતાના બેંક ખાતામાં તથા તેમની પત્ની આશાબેન પટેલના ખાતામાં કુલ રૂપિયા ૨૭,૬૦,૯૧૮/- તેમજ વિશ્વબંધુ પટેલની કંપનીમાં એકાઉન્ટન્ટ તરીકે કામ કરતા અભીષેક મનુભાઇ પરમાર નાઓએ પણ ગ્રાહકોના ટુર બુકીંગના રીફન્ડ અંગેના નાણાં ગ્રાહકોને પરત આપવાની જગ્યાએ કુલ રૂપિયા ૨,૩૦,૯૦૪/- પોતાના ખાતામાં મેળવી લઇ, તેમજ વિશ્વબંધુ પટેલની કંપનીમાં તેજશભાઇ પટેલના અંડરમાં કામ કરતા ધવલભાઇ મનશુખભાઇ પરમાર નાઓએ પણ ગ્રાહકોના ટુરના બુકીંગ અંગેના કુલ રૂપિયા ૧,૬૯,૩૦૦/- મળી, વિશ્વબંધુ પટેલની કંપનીના ખાતામાં જમા કરવાની જગ્યાએ ગ્રાહકો પાસેથી કુલ રૂપિયા ૪૧,૩૫,૭૦૭/- મેળવી લઈ વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.એમ.દેસાઇ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૩૯/૨૦૨૩**

**દાણીલીમડાઃ** અરસદ સ/ઓ મોહમદયુનુસ રાણા (ઉ.વ.૨૮) (રહે. શેખાવટી પ્લાઝા દાણીલીમડા) એ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૪/૦૮/૨૦૨૩ રાતના ૧/૦૦ થી કલાક ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના મકાનની ગેલેરીના દરવાજા વાટે અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી મોબાઇલ ફોન કિમત રૂપિયા ૧૫,૦૦૦/- અને રોકડ રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૬૫,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી પી.એ.નાયી ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૦/૨૦૨૩**

**એરપોર્ટઃ** જૈમીનભાઇ જયેન્દ્રભાઇ ગોહીલ (રહે. બંસરી એવન્યુ સત્તાધારા સોસાયટી પાછળ બાપોદ જકાતનાકા વાઘોડીયા રોડ વડોદરા) એ તા.૩૧/૦૮/૨૦૨૩ ના રોજ એરપોર્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૨૭/૦૮/૨૦૨૩ કલાક ૨/૦૦ થી કલાક ૬/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન હાંસોલ ગામ ત્રણ રસ્તા અંબાજી માતાના મંદીરની બાજુમા શૌચાલય પાસે પાર્ક કરેલ પોતાની ગાડીમાંથી અલગ-અલગ કંપનીના મોબાઈલ ફોન નંગ-૪ કિમત રૂપિયા ૬૮,૯૮૭/- અજાણી વ્યક્તિ ચોરી કરી લઈ ગઈ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.જી.કુણપરા ચલાવે છે.

**સોનાની ચેઈન/પર્સ ઝુટવી લઈ ગયાઃ-** **સમાચાર યાદી નં.૧૪૪૧/૨૦૨૩**

**એલીસબ્રીજઃ** ઇલીયાસ યાકુબભાઇ બલ્લુવાલા (ઉ.વ.૪૭) (રહે. પુરબીયા વાડ આસ્ટોડીયા દરવાજા પાસે જમાલપુર) એ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઇલીયાસ બલ્લુવાલા આંગડીયા પેઢીમાં કામ કરતા હોઈ ઇલીયાસ બલ્લુવાલા તા.૩૧/૦૮/૨૦૨૩ સાંજના ૫/૪૫ વાગ્યાના સુમારે આંગડીયા પેઢીમાંથી રોકડ રૂપિયા ૩,૬૪,૨૦૦/- લઈ એક્ટીવાની ડેકીમાં મુકી એક્ટીવા ચલાવી એલીસબ્રીજ જજીસ બંગલા શિવાલી એપાર્ટમેન્ટ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે પાછળથી મોટર સાયકલ ઉપર આવેલ એક યુગલ એ ઇલીયાસ બલ્લુવાલા સાથે “વાહન જોઈને ચલાવવા” બાબતે બોલાચાલી કરતા હતા દરમ્યાન યુવતીએ કેટલુ વાગ્યુ છે તે બતાવવા ઇલીયાસ બલ્લુવાલાને તેમના એક્ટીવાથી દુર બોલાવ્યા હતા દરમ્યાન અન્ય બીજા મોટર સાયકલ ઉપર આવેલ બે પૂરૂષ પૈકી એક પુરૂષ ઇલીયાસ બલ્લુવાલાની એક્ટીવાની ડેકી ખોલી ડેકીમાંથી રોકડ રૂપિયા ૩,૬૪,૨૦૦/- તથા આઇફોન-૬ કિમત રૂપિયા ૫૦૦૦/- સાથેની બેગ ઈલીયાસ બલ્લુવાલાને ધક્કો મારી ત્રણ પુરૂષ અને એક સ્ત્રી બેગ ઝુંટવી લઇ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ઈલીયાસ બલ્લુવાલાએ એલીસબ્રીજ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ મ.સ.ઇ.શ્રી પર્વતસિંહ વેચાતભાઇ ચલાવે છે.

**નરોડાઃ** બબુબહેન વા/ઓ પરષોત્તમભાઇ ગરીયલ (ઉ.વ.૫૫) (રહે. બ્લોક નં-ઇ/૭૧/૫૦૨ સ્વામિનારયણ પાર્ક વિઠ્ઠલ પ્લાઝા સામે નરોડા) તા.૩૦/૦૮/૨૦૨૩ રાતના ૧૦/૪૫ વાગ્યાના સુમારે નરોડા સ્મશાન ચાર રસ્તાથી હરિદર્શન રોડ ઉપર વસંતવિહાર પાસે આવેલ આંબેશ્વર ચવાણાની દુકાન આગળથી મોટર સાયકલ ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ બબુબહેન ગરીયલના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૩૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ બબુબહેન ગરીયલએ નરોડા પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી બી.એફ.ડાભી ચલાવે છે.

**કાગડાપીઠઃ** જીતુભાઈ કાંતિભાઈ ઓડ (ઉ.વ.૩૯) (રહે. પ્લોટ નંબર-૩૬ પ્રવિણનગર વણજારા વાસ વાસણા) તા.૩૦/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યાના સુમારે ન્યુ ક્લોથ માર્કેટ ગેટ નંબર-૩ નજીકથી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક સ્પ્લેન્ડર મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ જીતુભાઈ ઓડના ગળામાંથી સોનાની ચેઈન કિમત રૂપિયા ૯૦,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ જીતુભાઈ ઓડ એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.કે.મકવાણા ચલાવે છે.

**આનંદનગરઃ** ગૌરખનાથ શંકરનાથ જોગી (ઉ.વ.૩૫) (રહે.બ્લોક નં-૨૭ ઘર નં-૮૫૩ કૃષ્ણધામ ઔડાના મકાન વિભાગ-૨ વેજલપુર) તા.૩૧/૦૮/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે જીવરાજ બ્રીજ પાસે આવેલ સંસ્કાર વિધાલયના ગેટ આગળથી પત્ની સાથે એક્ટીવા ચલાવી પસાર થઈ રહ્યા હતા ત્યારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ ગૌરખનાથ જોગીના પત્નીના ગળામાંથી સોનાનું મંગળસુત્ર કિમત રૂપિયા ૭૫,૦૦૦/- ખેચી તોડી લઈ નાસી ગયા હતા. આ અંગેની ફરીયાદ ગૌરખનાથ જોગીએ આનંદનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી વી.જે.દેસાઈ ચલાવે છે.

**<u>વાહન અકસ્માતમાં મૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૩</u>**

**"એસ.જી.હાઇવે-૦૨" ટ્રાફીક પોલીસ સ્ટેશનઃ** ઇસ્કોન ઓવરબ્રીજના દક્ષીણ છેડે જય અંબે કાઠયાવાડી રેસ્ટોરન્ટ પાસે, ડબલ્યુ-૧ નામ ની નવી બનતી સાઇટ ઉપર રહેતા અને મોન્ડેલ હાઇટ્સમાં સિક્યુરીટી તરીકે નોકરી કરતા યતેન્દ્રસિંગ કાલુસિંગ રાઠોડ (ઉ.વ.૪૭)(મુળ વતન: ગોરા રાઠોર, જાલોન રાઠોર ઉત્તરપ્રદેશ) નાઓ તા.૩૧/૦૮/૨૦૨૩ રાતના ૮/૦૦ વાગ્યાના સુમારે એસ.જી.હાઇવે ઇસ્કોન ઓવરબ્રીજના દક્ષીણ છેડે મોડ્યુલ હાઇટ્સ સામે કર્ણાવતી કલબ થી ઇસ્કોન ઓવરબ્રીજ તરફ રોડ ક્રોસ કરતા હતા ત્યારે અજાણ્યા વાહન ચાલકે પુરઝડપે અને બેદરકારીથી પોતાનુ વાહન ચલાવી લાવી યતેન્દ્રસિંગને ટક્કર મારતા, યતેન્દ્રસિંગને શરીરે ગંભીર ઇજાઓ થતા સારવાર અર્થે તેમને સોલા સિવીલ હોસ્પીટલ ખાતે લઇ જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગેની ફરીયાદ શિરૂપ સિક્યુરીટી શર્ટી કંપનીના સુપરવાઇઝર સંદિપકુમાર ઉપાધ્યાય એ "એસ.જી.હાઇવે-૨" ટ્રાફીક પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી વી.બી.દેસાઇ ચલાવે છે.

**<u>અપમૃત્યુઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૩</u>**

**કારંજઃ** ઘી કાંટા રત્નમણી કોમ્પ્લેક્ષ ખાતે સિક્યુરીટીની નોકરી કરતા શિવમ રામચન્દ્ર અવસ્થી (ઉ.વ.૨૮) (રહે.પ્રધાનમંત્રી આવાસ યોજના છનાજીની ચાલી કલાપીનગર અસારવા) તા.૨૭/૦૮/૨૦૨૩ રાતના ૯/૦૦ વાગ્યાના સુમારે ઘી કાંટા રત્નમણી કોમ્પ્લેક્ષ ખાતે ચોથા માળથી લીફ્ટવાળી જગ્યામાં પડી જતા ગંભીર ઇજાઓ થતા સારવાર માટે સીવીલ હોસ્પીટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. જ્યાં સારવાર દરમ્યાન તા.૩૧/૦૮/૨૦૨૩ કલાક ૧૨/૩૦ વાગે તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે કારંજ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી સંજય શિવાજી ચલાવે છે.

**<u>આત્મહત્યાઃ-</u>** **<u>સમાચાર યાદી નં.૧૪૪૪/૨૦૨૩</u>**

**રાણીપઃ** સંધ્યાબહેન વા/ઓ અરવિંદભાઇ ડાભાણી (ઉ.વ.૨૦) (રહે. કામધેનુ સોસાયટી વિભાગ-૩ કાળીગામ ગરનાળા પાસે રાણીપ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૩ કલાક ૯/૩૦ થી ૧૦/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પોતાના ઘરે પંખાના હુકમાં સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે રાણીપ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મદદનીશ પોલીસ કમિશનર શ્રી “એલ” ડિવિઝન ચલાવે છે.

**સાબરમતીઃ** સાબરમતી અચેર ડેપો ન્યુ મહાસાગર સોસાયટી સામે નવી બનતી સાઈટના કાચા છાપરાં ખાતે રહેતા અને કડીયાકામ કરતા નિલેશ સ/ઓ વકતા નનોમા (ઉ.વ.૩૧) (મુળ વતન. ગામ-બેરનીયા તા.જી.ડુંગરપુર રાજસ્થાન) એ અગમ્ય કારણસર તા.૩૦/૦૮/૨૦૨૩ રાતના ૧૧/૩૦ વાગ્યા પહેલા રહેણાંક ખાતે ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે સાબરમતી પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી હર્ષદભાઈ ચંદુભાઈ ચલાવે છે.

**વટવાઃ** અજય સ/ઓ જીતેન્દ્રભાઈ ઓડ (ઉ.વ.૨૨) (રહે. શક્તિ ગાર્ડ નીયા ફ્લેટ વટવા) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૩ બપોરના ૧/૩૦ થી ૨/૦૦ વાગ્યા સુધીના સમયગાળા દરમ્યાન પહેલા પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે વટવા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી એ.પી.ઠાકોર ચલાવે છે.

**નારોલઃ** જોશનાબહેન વા/ઓ રમેશભાઇ પરમાર (ઉ.વ.૩૩) (રહે. ચામુંડાપાર્ક સોસાયટી નવી પાણીની ટાંકી પાસે શાહવાડી ગામ નારોલ) એ અગમ્ય કારણસર તા.૩૧/૦૮/૨૦૨૩ કલાક ૧૨/૧૫ વાગ્યા પહેલા પોતાના રહેણાંક ખાતે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હતી. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી આઇ.એ.ધાસુરા ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ’વાદ શહેર.
પોલીસ કમિશનર વતી